મહત્તમ : ૩૧.૫ ડીગ્રી
લઘુતમ : ૧૧.૫ ડીગ્રી
ભેજ
સવારે ૪૫ ટકા ● સાંજે ૨૯ ટકા
ગાંધીનગર તાપમાન

શ્રી સમસ્ત બ્રહ્મ સમાજ ગાંધીનગર દ્વારા આયોજીત સમુહ યજ્ઞોપવિત અને સમુહ લગ્નોત્સવ

ગાંધીનગર, તા.૮

શ્રી સમસ્ત બ્રહ્મ સમાજ ગાંધીનગર દ્વારા હર સાલની જેમ સમુહ યજ્ઞોપવિત અને લગ્ન ઉત્સવ ધામધૂમથી શરણાઈના સુર ડીજે અને બેડ સાથે ઉજવાયો હતો. જેમાં ૪૬ બટુકો યજ્ઞોપવિત સંસ્કાર ધારણ કર્યા અને આઠ નવયુગલોએ પ્રભુતામાં પગલા પાડી પોતાના સંસારિક જીવનનો નવો અધ્યાય શરૂ કર્યો. સમાજના પ્રમુખ નરેશભાઈ દવે સૌને મીઠો આવકાર, સતકાર કરી અને પૂર્વ પ્રમુખ અને ગુજરાત બ્રહ્મ સમાજના પ્રમુખ પિનાકીનભાઈ રાવલના પગલે પગલે ચાલી વિકાસ કુચ આગળ જાહેરાત કરી હતી. ગુડાના પૂર્વ ચેરમેન આશિષભાઈ દવે, ગાંધીનગર સમાચારના તંત્રી કૃષ્ણકાંતભાઈ જહાએ કહ્યું કે બ્રાહ્મણ હવે વધુ તેજસ્વી બન્યો છે અને સૌએ પરસ્પરનો આત્મીય ભાવ કેળવવાની સલાહ આપી હતી. ગુજરાત બ્રહ્મ સમાજના પ્રમુખ પિનાકીનભાઈ રાવલ, કોંગ્રેસ અગ્રણી નિશિતભાઈ વ્યાસ, ગાંધીનગરના મેયર હિતેશ મકવાણા, જયદીપ દ્વિવેદી, પૂજ્ય ફૂલશંકર શાસ્ત્રીજી, ગુજરાત બ્રહ્મ સમાજના મહામંત્રી અનિલભાઈ શુકલ, મહિલા પ્રમુખ ડોક્ટર ધારીની બેન શુકલ, જિલ્લા સરકારી મુખ્ય વકીલ હિતેશભાઈ રાવલ, પ્રિતેશ ભાઈ રાવલ, કોર્પોરેટર ગૌરાંગભાઈ વ્યાસ સહિત અન્ય કોર્પોરેટર અને બ્રહ્મ સમાજના પૂર્વ પ્રમુખો સર્વે શૈલેશ પંડ્યા, કે.બી.વ્યાસ, કનૈયાલાલ પંડ્યા, પંકજ શુકલ અને બ્રહ્મ અગ્રણીએ હાજર રહી કાર્યક્રમને માણ્યો હતો.

કડી સર્વ વિશ્વ વિદ્યાલય ખાતે ટ્રાફિક અવેરનેસ અને રોડ સેફટી પર વર્કશોપ

ગાંધીનગર, તા.૮

કડી સર્વ વિશ્વવિદ્યાલયના એનએસએસ વિભાગ દ્વારા ટ્રાફિક અવેરનેસ અને રોડ સેફટી બાબતે જાગૃતિ ફેલાવવા અંગે એક સિરીઝ વર્કશોપનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં યુનિવર્સિટીની ચાર કોલેજ માટે અલગ-અલગ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. વિદ્યાર્થીઓને માર્ગદર્શન આપવા માટે ગુજરાત રોડ સેફટી ઓથોરિટીના ચીફ એન્ફોર્સમેન્ટ ઓફિસર એન.કે સોલંકી તેમજ રિજનલ એન્ફોર્સમેન્ટ ઓફિસર યુ.કે પટેલ ઉપસ્થિત રહ્યા હતા. જેઓએ વિદ્યાર્થીઓને વિડીયો તેમજ પાવર પોઈન્ટ પ્રેઝન્ટેશન સાથે માર્ગદર્શન આપ્યું હતું. સમગ્ર કાર્યક્રમમાં સંસ્થાની ચાર કોલેજના આઠ વિદ્યાર્થીઓને વિ-હમ સોશિયલ સેલ્ફ ગ્રુપના ફાઉન્ડર પારૂલબેન શર્માના હસ્તે હેલ્મેટથી સન્માનિત કરવામાં આવ્યા હતા. હેલ્મેટ પહેરવા અને નિયમોનું પાલન કરવા પોતે પણ જાગૃત બનશે અને બીજાને પણ બનાવશે તે અંગે તેમને સન્માનિત કરાયા હતા. જ્યારે કુલ ૪૫

વિદ્યાર્થીઓને બુક આપી ટ્રાફિકના નિયમોની સમજ અન્ય સુધી પહોંચાડવા ઉત્સાહિત કર્યા હતા જેમાં તેઓએ જણાવ્યું હતું કે, રાજ્યમાં ટ્રાફિકની સમસ્યા તેમજ વાહન ચાલકોની બેદરકારી અને ટ્રાફિકના નિયમોનું પાલન ન કરવાને કારણે સમસ્યાઓ સર્જાઈ રહી છે અને જેનો ભોગ નિર્દોષ લોકો પણ બની શકે છે રોંગ સાઈડ વાહન ચલાવનારા, મોબાઈલનો ઉપયોગ વાહન ચલાવતી વખતે કરવો, ટ્રાફિક સિગ્નલનો ભંગ, હેલ્મેટ સીટ બેલ્ટ, બ્લેક ફિલ્મ ઈન્સ્યોરન્સ કે ડ્રાઈવિંગ લાઈસન્સ વગર વાહન ચલાવનારાના કારણે ઘણીવાર અઘટિત હોનારતો સર્જાતી હોય છે. ત્યારે આવા બનાવો અટકાવવા એ આપણી સામાજિક જવાબદારી છે. જેના ભાગરૂપે ઉપરોક્ત કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં અશ્વિનભાઈ એ પટેલ કોમર્સ કોલેજ, બી.પી કોલેજ ઓફ બિઝનેસ એડમિનિસ્ટ્રેશન, બી પી કોલેજ ઓફ કોમ્પ્યુટર સ્ટડીઝ તથા એસવી ઈન્સ્ટિટયૂટ ઓફ કોમ્પ્યુટર સ્ટડીઝ તેમજ એમ એમ પટેલ સાયન્સ કોલેજના કુલ ૨૮૦૦ વિદ્યાર્થીઓ કાર્યક્રમમાં જોડાયા હતા. સમાજને જાગૃત કરવા પ્રતિજ્ઞા લેવડાવવામાં આવી હતી. ત્યારબાદ વિદ્યાર્થીઓએ જણાવ્યું હતું કે, આવા કાર્યક્રમોથી લોકજાગૃતિનું ઉત્કૃષ્ટ કાર્ય થશે જે સમાજની સુરક્ષા માટે અત્યંત ઉપયોગી સાબિત થશે. કાર્યક્રમમાં મુક્તાનંદ શિક્ષણ કેન્દ્રના ગીતાબેન મહેતા ઉપસ્થિત રહ્યા હતા.

જન્મદિને વધામણી

અશોકભાઈ ચૌધરી
મો. ૯૯૨૪૧ ૦૬૧૭૭

દેવ-દેવન
હરજીભાઈ વાઘેલા



બીમલ હરિશભાઈ રાવલ
મો. ૯૮૨૫૭૮૭૬૪૭

વિનોદ ડી શર્મા (જોષી)
નિવૃત્ત શિક્ષક, નારદીપુર
મો. ૯૯૨૪૪ ૮૯૯૦૧



હેનિલ બ્રિજેશભાઈ નાયી
મો.૯૭૧૪૧ ૭૧૮૩૦



ભવ્ય પી. ભાવસાર
મો.૯૯૧૩૧૫૯૭૪૫



સુજાન ગીરીશભાઈ પટેલ
મો.૯૪૨૬૪૮૦૮૧૭

માહીબા જીગરસિંહ ડાભી

બિનલબેન મુન્શી
ફાઈનાન્સિયલ એડવાઈઝર

જીઆઈપીએસ શાળામાં વેજીટેબલ ડે ઉજવાયો

ગાંધીનગર, તા.૮

ગાંધીનગર ઈન્ટરનેશનલ પબ્લીક સ્કૂલ, રાંધેજા માં પ્રિ-પ્રાઈમરી વિભાગમાં 'વેજીટેબલ ડે'ની ઉજવણી કરવામાં આવી હતી. શાળાના વિદ્યાર્થીઓએ વિવિધ શાકભાજીઓની ઓળખ અને તેના ફાયદાઓ વિષેય વેશભૂષા દ્વારા માહિતિ આપી હતી.

સરકારી વિનયન કોલેજમાં પર્યાવરણ જાગૃતિ અંગેનો વાર્તાલાપ યોજાયો

ગાંધીનગર, તા.૮

સરકારી વિનયન કૉલેજ ગાંધીનગર ખાતે ગણતંત્ર દિવસની ઉત્સાહભેર ઉજવણી કરવામાં આવી. આ પ્રસંગે મુખ્ય અતિથિ પ્રો.અલોક ગુપ્તા, જેઓ હાલ ઈન્ડિયન ઈન્સ્ટટ્યૂટ ઓફ રિસર્ચ, શિમલા ખાતે સંશોધક તરીકે કાર્યરત છે તેમના દ્વારા ધ્વજારોહણ કરવામાં આવ્યું. તેઓએ પોતાના વ્યક્તવ્યમાં ભારતના બંધારણનું મહત્વ દર્શાવતા જણાવ્યું કે એક જાગૃત નાગરિક તરીકે આપણે આપણાં હક્કની સાથે સાથે ફરજો પ્રત્યે પણ સભાન રહેવું જોઈએ. કૉલેજના આચાર્ય ડૉ. અનૂપા ચૌહાણે પોતાના વ્યકતવ્યમાં સ્ત્રી શિક્ષણ અને પર્યાવરણ જાગૃતિ અંગે વાત કરી હતી કોલેજના એનસીસી લેફ્ટનન્ટ ડૉ. માધવી ઉપાધ્યાય સાથે મુખ્ય અતિથિ તેમજ આચાર્ય પરેડનું નિરીક્ષણ કર્યું હતું.

રક્તદાન મહાદાન

ગાંધીનગર, તા.૮

રક્તદાન મહાદાન આજના યુગમાં એકદમ યથાર્થ ઉક્તિ છે. રક્તદાન એ મહાદાન એટલા માટે કહે છે કે રક્તદાતા એક વખત રક્તદાન કરીને ત્રણ જીવનદાન આપી શકે છે. આ એક એવું દાન છે કે દાન આપનારને અભિમાન નથી થતું અને સ્વીકારનારને તેનો સંકોચ નથી થતો. ગાંધીનગર સાહિત્યસભાના અધ્યક્ષ સંજય થોરાતે થેલેસેમીયા મેજર બાળક માટે રક્તદાન કરતાં આ વખતે ૭૮મી વખત બ્લડ ડોનેશન કર્યું હતું. તેઓ છેલ્લા ચાર વર્ષથી નિયમિત થેલેસેમીયા મેજર પેશન્ટને પોતાનું બ્લડ આપે છે અને એ માટે તેઓ ખાસ અમદાવાદ પ્રથમા લેબમાં સ્વખર્ચે જાય છે. ગાંધીનગરના ઘણા નિયમિત બ્લડ ડોનરમાં એમનું નામ આવે છે.

સરકારી વિજ્ઞાન કોલેજમાં વિવિધ સ્પર્ધાઓનું આયોજન

ગાંધીનગર, તા.૮

સરકારી વિજ્ઞાન કોલેજ, ગાંધીનગરમાં સર્જનાત્મક અભિવ્યક્તિ ધારા અંતર્ગત વિવિધ સ્પર્ધાઓનું આયોજન કરવામાં આવ્યું હતું. અન્તરિક્ષ સંશોધનનું મહત્વ, મહિલા સશક્તિકરણ, પર્યાવરણ અને સોશિયલ મીડિઆનું પ્રભાવ વિષય પર નિબંધ લેખન અને સ્વરચિત કાવ્યપઠન સ્પર્ધાઓ યોજાઈ હતી. જેમાં કોલેજના વિદ્યાર્થીઓએ ઉત્સાહ પૂર્વક ભાગ લીધેલ હતો. વિદ્યાર્થીઓએ તેમની શૈલીમાં વિચારો રજૂ કર્યા હતા. નિબંધ લેખન સ્પર્ધામાં જિગ્નેશ આહિરએ પ્રથમ સ્થાન, તેજસ નિસર્તએ દ્વિતીય સ્થાન અને દિવ્યા પટેલએ તૃતીય સ્થાન મેળવ્યું તો સ્વરચિત કાવ્યપઠન સ્પર્ધામાં મુસ્કાન જોશીએ પ્રથમ સ્થાન, ધ્રુવિન જોશીએ દ્વિતીય સ્થાન અને ઉર્મિલા વાઘેલાએ તૃતીય સ્થાન મેળવ્યું હતું. આ સ્પર્ધાઓમાં ડૉ, કિરન નિમાવત, ડૉ, દીપ્તિ મહેતા અને ડૉ, હીના પ્રજાપતિએ નિર્ણાયક તરીકે રહયા હતા. આચાર્ય ડો. એમ. જી. ભટ્ટના માર્ગદર્શનમાં સર્જનાત્મક અભિવ્યક્તિ ધારાના કોઓર્ડીનેટર ડૉ, જયંતી રાજોરાએ સહઅધ્યાપકોની મદદથી આ ઈવેન્ટને પૂર્ણ કરી. વિદ્યાર્થીઓના પ્રયત્નોને સપ્તધારાના ચેરપર્સન ડો. યોગિતા પરમાર અને કોલેજ પરિવારે અભિનંદન પાઠવ્યા.

યુવાનોને ૨૧મી સદીના કૌશલ્ય શિખવવા પાંચ દિવસીય નિવાસી તાલીમ શિબિર

ગાંધીનગર, તા.૮

કડી સર્વ વિશ્વવિદ્યાલય દ્વારા યુવાનોના જીવન ઘડતર માટે સર્વ નેતૃત્વની ૬૮મી નિવાસી તાલીમ શિબિર એમ.એમ. પટેલ હોલ, સર્વ વિદ્યાલય કેમ્પસ કડી ખાતે યોજાઈ જેમાં સર્વ વિદ્યાલયના વિવિધ કોલેજોમાંથી ૭૨ વિદ્યાર્થીઓ જોડાયા હતા. નિવાસી તાલીમ માટે ગાંધીનગરના જાણીતા ટ્રેનર હરેશભાઈ પટેલ ઉપસ્થિત રહી વિદ્યાર્થીઓને પોતાના વ્યક્તિત્વને ઓળખી, સ્પષ્ટતા સાથે ખુશીપૂર્વક પોતાના જીવનનાં લક્ષ્યાંકોને કેવી રીતે પ્રાપ્ત કરી શકાય તેનું સંપૂર્ણ માર્ગદર્શન પૂરું પાડ્યું હતું.

ટ્રેનર દ્વારા યુવાનોને ૨૧મી સદીના કૌશલ્ય જેવા કે ક્રિએટિવ થીંકીંગ, કમ્યુનિકેશન સ્કિલ્સ, લીડરશીપ સ્કિલ્સ, સોસીયલ સ્કિલ્સ, એડજસ્ટમેન્ટ, ક્રીટીકલ થીંકીંગ, ફ્લેક્ષીબીલીટી જેવા કૌશલ્યો વિવિધ પ્રવૃત્તિઓના માધ્યમથી સમજણ સાથે શીખવાડવાનો પ્રયાસ કરાયો હતો.

કાર્યક્રમમાં ગેસ્ટ સ્પીકર તરીકે નિષ્ઠાબેન ઠાકર, ઉદયભાઈ જાદવ અને પૂર્વ તાલીમાર્થીઓ દ્વારા કરવામાં આવતા સેવાકીય પ્રોજેક્ટ વિશેની વિસ્તૃત માહિતી પણ આપવામાં આવી હતી. કાર્યક્રમના સમાપન સમારોહમાં ગાંધીનગરનાં સમાજસેવક ૧૫૦ વાર બ્લડ ડોનેટ કરનાર સુકેતુભાઈ મહેતા ઉપસ્થિત રહી પોતાના અનુભવોના આધારે રક્તદાનનું મહત્વ અને વિવિધ રક્ત વિષેની રસપ્રદ માહીતિ આપી વિધાર્થીઓને પ્રેરણા પૂરી પાડી હતી. કાર્યક્રમના અંતે શિબિરના તમામા તાલીમાર્થીઓને પર્યાવરણની જાળવણી માટે કાર્યરત ઈએસઆઈ, સુઘડ ખાતે મુલાકાત કરાવી હતી.

ડીંગુચા પ્રાથમિક શાળાના બાળકો દ્વારા વિવિધ વ્યવસાયિક સ્થાનોની મુલાકાત



ગાંધીનગર, તા. ૮

કલોલ તાલુકાની ડીંગુચા પ્રાથમિક શાળાના ધોરણ-૧ અને ૨ ના નાના ભૂલકાંઓએ ડીંગુચા ગામની ગ્રામ પંચાયત, ડેરી, સહકારી મંડળી, પોસ્ટ ઓફિસ, આંગણવાડી તથા વિવિધ વ્યવસાયકારોની મુલાકાત લીધી હતી. જેમાં ગ્રામ પંચાયતના તલાટી જયેશભાઈએ બાળકોને ગ્રામ પંચાયતના કાર્યો, આવકના સાધનો, સરકાર તરફથી મળતી સહાય વિશે બાળકોને વિસ્તૃત માહિતી આપી હતી. બાળકો પ્રત્યક્ષ જ્ઞાન મેળવે તે હેતુથી મુલાકાત લીધી હતી. શિક્ષક જિજ્ઞાસાબેન પ્રજાપતિ તથા મનુભાઈ પરમારે સર્વેનો સહયોગ આપવા બદલ આભાર માન્યો હતો.

સમર્પણ કોલેજ ખાતે "વિવિધતામાં એકતા"ને પ્રોત્સાહન આપવા પરંપરાગત દિવસની ઉજવણી



ગાંધીનગર, તા.૮

ગાંધીનગર ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલિત સમર્પણ સાયન્સ અને કોમર્સ કોલેજમાં વાઈબ્રન્ટ ડે સેલિબ્રેશન અંતર્ગત ટ્રેડિશનલ ડેની ઉજવણી કરવામાં આવી હતી. વિદ્યાર્થીઓએ "વિવિધતામાં એકતા"ને પ્રોત્સાહન આપવા માટે પરંપરાગત દિવસની ઉજવણી કરી હતી. વિદ્યાર્થીઓએ પોતાના પારંપરિક પોષક પહેરીને તથા સ્ટાફમિત્રોએ પણ ટ્રેડીશનલ કપડા પહેરીને આ દિવસની ઉત્સાહપૂર્વક ઉજવણી કરી હતી. આ દિવસની ઉજવણીનું સંચાલન ડો માર્ગી ભટ્ટ તથા પ્રો સુગન્યા શ્રીનિવાસને કર્યું હતું. વિદ્યાર્થીઓ તથા સ્ટાફના પ્રયત્નોને ટ્રસ્ટી મહેન્દ્રસિંહ વાઘેલા પ્રિન્સિપાલ ડો રાજી ડેનિસ તથા વાઈસ પ્રિન્સિપાલ રસિક તન્નાએ બિરદાવ્યા

ચિરવિદાય

● મુક્તિધામ ●

- સ્વ.શાહ રતિલાલ સોમચંદ ઉ.વ.૮૧, ગાંધીનગર
- સ્વ.શ્રીમાળી સુશીલાબેન વિઠ્ઠલભાઈ ઉ.વ.૫૮, ફતેપુરા, સેકટર-૧૫
- સ્વ.દેસાઈ કાનજીભાઈ માલજીભાઈ ઉ.વ.૮૩, ગોકુલપુરા
- સ્વ.મકવાણા સુનિલકુમાર વાલજીભાઈ ઉ.વ.૪૮, ગાંધીનગર

ગાંધીનગરમાં જાહેરાત માટેનું અસરકારક માધ્યમ
ગાંધીનગર સમાચાર
ફોન - ૨૩૨૨૨૫૭૧
ફોન - ૨૩૨૩૭૫૭૧